ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telehone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૪-અ/BEd/૫૪૪૨૮/૨૦૧૯** **તા.૨૮-૦૧-૨૦૧૯**

**પરિપત્ર નં. : ૦૮**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ બી.એડ્.ની કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના બી.એડ્. સેમેસ્ટર-૪માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાના થાય છે. આપની કૉલેજ / સંસ્થામાં સેમેસ્ટર-૪ના રેગ્યુલર અને રીપિટર વિદ્યાર્થીઓના ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પર પરીક્ષા ફોર્મ ભરી યાદી બનાવી અને ફી સાથે આ કાર્યાલયને **તા. ૦૮-૦૨-૨૦૧૯** સુધીમાં જમા કરાવવાનુ જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

(૧) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૪૨૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૫૦/- થીયરી પરીક્ષાની ફી, રૂ. ૧૫૦/- પ્રેક્ટિકલ (લેશન) ફીનો સમાવેશ થાય છે.

(૨) પરીક્ષા ફીનો ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ / પેઓર્ડર, **કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯** ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર બેન્ક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. ચેક સ્વીકારવામાં આવશે નહીં.

(૩) પરીક્ષા ફોર્મમાં જો કોઈ સુધારા હોય તો તેવા ફોર્મ અને સેમેસ્ટર-૪ના રીપીટર વિધાર્થીઓના પરીક્ષા ફોર્મની સાથે તમામ પ્રયત્નની ગુણપત્રકની ઝેરોક્ષ નકલ અવશ્ય મુકવી અને અલગ-અલગ બંચમાં મોકલવાના રહેશે.

(૪) **જે વિધાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ અત્રે જમા કરાવેલ ન હોય તેવા વિધાર્થીને પરિપત્ર નં. ૨૦૪, ૨૧૯ અને ૨૭૪ મુજબ સેમેસ્ટર-૪નું પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિ. જેની કોલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોધ લઇ તેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.**

(૫) **કૉલેજે સીરિયલ નંબર મુજબ ક્રમમાં ફોર્મ પ્લાસ્ટિકના કવરમાં ૫૦ના બંચમાં મોકલવાના રહેશે. જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય, જો ફોર્મ તે રીતે નહિ હોય તો સ્વીકારવામાં આવશે નહીં.**
આભાર સહ.

પરીક્ષા નિયામક વતી.